# શામળાજીની એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલની ધો-૮ની વિદ્યાર્થિનીને એમ.આર. રસીની આડ અસરની આશંકા

## વિદ્યાર્થિનીની તબિયત વધુ લથડતા અમદાવાદ હોસ્પિટલ ખસેડવા તજવીજ

શામળાજી, તા. ૧૮
રાજ્ય સરકાર દ્વારા મિઝલ્સ રૂબેલા અભિયાન ૧૬ જુલાઈ થી



૯ માસ થી ૧૫ વર્ષ સુધીના બાળકોને એમ.આર.ની રસી આપી ગંભીર બીમારીઓ સામે સુરક્ષિત કરવા અંતર્ગત અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલમાં વિદ્યાર્થીઓને રસીકરણ કરવામાં આવતા એમ.આર.ની રસી લીધાના ૨ કલાક બાદ જમતા જમતા ચક્કર ખાઈ બેભાન બનતા તાબડતોડ શામળાજી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વિદ્યાર્થીની હાલત નાજુક જણાતા ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવ્યા બાદ વિદ્યાર્થીની હાલતમાં સુધારો ન થતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવા તજવીજ હાથ ધરી હતી. વિદ્યાર્થીના પરિવારજનોએ એમ.આર. રસીની આડ અસર હોવાની આશંકા વ્યક્ત કરી હતી.

૧૬ જુલાઈ એમ.આર. રસીકરણ અભિયાન અંતર્ગત શામળાજીની એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલમાં બાળકોને આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી નીતા ડામોર (નામ બદલ્યું છે) નામની વિદ્યાર્થીનીની રસી અપાયાના બે કલાક બાદ જમતા સમયે ચક્કર ખાઈ બેભાન થતા આરોગ્ય વિભાગમાં હડકંપ મચતાં તાબડતોડ શામળાજી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વિદ્યાર્થીની તબિયત લથડતા આંખો અને બ્લડપ્રેશરની તકલીફ થતા ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર હાથ ધરાતા ૪૮ કલાક બાદ તબિયત લથડતા પરિવારજનો ચિંતામાં ઘરકાવ થઈ ગયા હતા. તબીબોએ અમદાવાદ સારવાર અર્થે ખસેડવાનું વિદ્યાર્થિનીના પરિવારજનોએ જણાવ્યું હતું અને એમ.આર.ની રસી અપાયા બાદ રસીની આડ અસરની આશંકા વ્યક્ત કરી વિદ્યાર્થિનીને અમદાવાદ વધુ સારવાર અર્થે ખસેડવા તજવીજ હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## રંગવર્ષા દ્વારા મહેસાણામાં પ્રથમ કલા પ્રદર્શન યોજાશે

મહેસાણા, તા. ૧૮
મહેસાણા જિલ્લામાં ધી ન્યુ પ્રોગેસિવ ફાઈન આર્ટસ કોલેજ, પુજા મકાન, નગરપાલિકા મેદાન સામે ૨૦ જુલાઈને શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે પ્રથમ કળા પ્રદર્શનનું આયોજન કરાયું છે. આનર્ત આર્ટ એસોશિયેશન રંગવર્ષા-કળાપ્રદર્શનને માણવા તેમજ વિજેતા કલાકારોને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમનું આયોજન કરાયું છે. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલ, નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજા, મેનેજીંગ ટ્રસ્ટી નારણભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી જી.ડી. પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબહેન પટેલ, રાજુજી પરમાર, હરીભાઈ પટેલ, રમણીક ઝાપડીયા સહિતના અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

## કડી ખાતે શુક્રવારે એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

મહેસાણા, તા. ૧૮
જિલ્લા રોજગાર વિનિમય કચેરી મહેસાણા દ્વારા ઔદ્યોગિક ભરતી અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન ૨૦ જુલાઈ ૨૦૧૮ને શુક્રવારે સવારે ૧૦ કલાકે સી.એન. આર્ટસ એન્ડ બી.ડી કોમર્સ કોલેજ કડી ખાતે આયોજન કરાયું છે. જેમાં ખાનગીક્ષેત્રના નોકરી દાતાઓ હાજર રહી તેઓની જરૂરીયાત મુજબ લાયકાતવાળા ઉમેદવારની ખાનગી ક્ષેત્રની નોકરી માટે પસંદગી કરાશે. આ ભરતી મેળામાં રોજગારવાંચ્છુઓ પાંચ બાયોડેટા, ફોટા તથા અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચ હાજર રહેવા જિલ્લા રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ખેડબ્રહ્મા શહેરમાંથી મારુતિવાન ચોરાઈ, પોલીસ નિષ્ક્રિય

ખેડબ્રહ્મા, તા. ૧૮
ખેડબ્રહ્મા શહેરમાં તસ્કરો બન્યા બે ફામ ત્રણ દિવસ પહેલા ૪ બાઈક ચોરાયા બાદ મંગળવારે સ્ટેટ હાઈવે પરથી વાન ઉઠાઈ ગયા હતા.

ખેડબ્રહ્મા શહેરમાં આરાધના સિનેમા સામે રહેતા રમેશભાઈ એ. પટેલ મંગળવાર પોતાનું કામ પતાવી સાંજના સમયે પોતાની કાર ન. જી.જે.૯.એમ. ૮૬૯૭ ને ઘર આગળ પાક કરી રાતે સુઈ ગયા હતા અને વહેલી સવારે ઊઠીને જોતા પાર્ક કરેલી ન હતી જેથી આજુબાજુ તપાસ કરતા મળી ન આવતા તેમને પોલીસ સ્ટેશન જાણ કરી હતી.

# પ્રાંતિજની અષ્ટ વિનાયક સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

## એક લાખ પાંચ હજાર રોકડા, બે મોબાઇલ, એક લેપટોપ સહિતની ચોરી કરી પલાયન થતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૮
સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ શિવમ્ સોસાયટી પાછળ નવનિર્માણ થઈ રહેલ અષ્ટ વિનાયક સોસાયટીમાં રાત્રીના સમયે ત્રસ્કરોએ સોસાયટીમાં પ્રવેશ કરી બે મકાનમાં એક લાખ પાંચ હજાર રોકડા બે મોબાઈલ એક લેપટોપ સહિતની મત્તાની ચોરી કરી પલાયન થતાં પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ અષ્ટ વિનાયક સોસાયટીમાં રાત્રીના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા સોસાયટીમાં પ્રવેશ કરી સોસાયટીમાં તૈયાર થયેલ શેમ્પલ હાઉસમાં રહેતાં કામદારો તથા



મકાનમાં જ કોન્ટ્રાક્ટર દ્વારા ઓફિસ બનાવેલ એમ બે મકાનોમાં રાત્રીના સમયે મકાનની ઉપરની સાઈડથી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં રહેલ કામદારોના થેલાઓ અસ્તવ્યસ્ત કરી જુદા-જુદા થેલાઓમા મુકેલ ૭૦ હજાર તથા ૩૫ હજાર કુલ-એક લાખ પાંચ તથા બે મોબાઈલ તથા ઓફિસનું લેપટોપ તથા બહાર પાર્કિંગમાં રહેલ બે બાઈકના પેટ્રોલ કાઢી સહિતની ચોરી કરીને અજાણ્યા તસ્કરો પલાયન થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા તાત્કાલિક ઘટનાસ્થળે આવી આગળની તપાસ હાથ ધરી હતી. બપોર બાદ પણ આ અંગેની ફરીયાદ પોલીસ ચોપડે લખાઈ ના હોવાનું જાણવાં મળ્યું.

## અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વિરોધ પક્ષના નેતા તરીકે વિનુભાઈ નરસિંહભાઈ ભરવાડની વરણી

આજરોજ ધનસુરા તાલુકાના વિરોધ પક્ષના નેતા તરીકે ભારતીય જનતા પાર્ટી જિલ્લા પ્રમુખ રણવિરસિંહ ડાભીની રાહબરી હેઠળ બારડોલી સુકાવાટડા સીટ ઉપરથી વિજેતા થયેલ ભરવાડ વિનુભાઈ નરસિંહભાઈની ધનસુરા તાલુકા વિરોધ પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવેલ છે. સંગઠનના પ્રમુખ રૂમાલસિંહ તથા મહામંત્રી પદે વિનુભાઈ પટેલની નિમણુંક કરવામાં આવેલ છે. આ વરણીને ધનસુરાના અગ્રણી મનોજભાઈ તથા કાળીભાઈ પટેલ તથા નવીનભાઈ પટેલ તથા રાજુભાઈએ બિરદાવીને અભિનંદન પાઠવેલ છે.

## ધનસુરામાં કપીરાજનો આતંક

શીકા, તા. ૧૮
ધનસુરામાં છેલ્લા કેટલાય સમયથી કપીરાજોએ અડ્ડો જમાવી રોજ શાળાએ જતા બાળકો અને સોસાયટીઓમાં લોકોના મકાનોમાં ઘુસી પરેશાન કરી રહ્યાં છે. અગાઉ આ કપીરાજોએ કેટલાનેય ઘાયલ કરેલ છે. પંચાયત દ્વારા કપીરાજોને વિદાય આપી બાળકોની પરેશાની દૂર કરવાનો સમય પાકી ગયો છે.

# માલપુર ગ્રામ પંચાયતના વી.સી.ઈ. કર્મચારીએ હેરાનગતિ મામલે આવેદનપત્ર સુપ્રત કર્યું

મોડાસા, તા. ૧૮
ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોને ડિજિટલાઈઝેશન કરી ગ્રામ્ય પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો કર્મચારીઓએ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગ કરી હતી.

ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકાર દ્વારા દરેક ગ્રામ પંચાયત ખાતે ઈ-ગ્રામ સેન્ટર આવતા અને માલપુર ગ્રામ પંચાયતનો કમ્પ્યુટરનો સેટ સરપંચ દ્વારા વારંવાર બંધ કરી મૂકી દેવાથી બેરોજગાર બન્યા છે જેમને પાંચ માસ ઉપરનો સમય વીતવા છતાં આ મામલે કોઈ પણ પગલાં લેવાયા




છે અને ઈ-ગ્રામ પ્રોજેક્ટ હેઠળ ગામડાના લોકોના વિવિધ સરકારી યોજનાઓ, વિવિધ સરકારી સહાયના લાભો અને કામકાજ માટે ગ્રામપંચાયતમાં વી.સી.ઈ કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી છે. અરવલ્લી જીલ્લાના માલપુર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા વી.સી.ઈ. કર્મચારીને સરપંચ અને તેના પતિ દ્વારા હેરાન-પરેશાન કરાતાં મોટી સંખ્યામાં વી.સી.ઈ. ખોલવામાં આવ્યા છે જેમાં વી.સી.ઈ કર્મચારીઓની તાલુકા પંચાયત દ્વારા નિમણુંક કરવામાં આવી છે. અરવલ્લી જીલ્લાના માલપુર ગ્રામ પંચાયતના વી.સી.ઇ. રાણા સુરપાલસિંહ જશવંતસિંહ સને ૨૦૦૭માં ઈ-ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવી ત્યારથી વી.સી.ઈ. તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓને હાલના સરપંચ તથા તેમના પતિ દ્વારા હેરાન-પરેશાન કરવામાં નથી તદઉપરાંત વી.સી.ઈ.ને કોઈ પણ પ્રકારનો સરકાર દ્વારા પગાર આપવામાં આવતો નથી. લોકોના કામકાજ દ્વારા મળતી ફી દ્વારા જીવન નિર્વાહ અને રોજીરોટી મળી રહેતી હોવાથી હાલ રોજીરોટી છીનવાતા જિલ્લામાં વી.સી.ઈ. તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપી યોગ્ય ન્યાયની માંગ કરી સરપંચ અને તેના પતિ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.

# માલપુર-સોમપુર ચોકડી નજીક જીપની ટક્કરથી બાઈકચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત

મોડાસા, તા. ૧૮
મોડાસા-માલપુર ફોરલેન રાજયધોરી માર્ગ હોવાથી વાહનચાલકો બેફામ વાહન હંકારતા હોવાથી છાસવારે અકસ્માતની ઘટનાઓ બનતા નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવે છે. માલપુર નજીક આવેલી સોમપુર ચોકડી નજીક ધનસુરા તરફથી માલપુર તરફ જતા બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલાક રોડ સાઈડ પટકાતા સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી જીપ ચાલાક જીપ ઘટનસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ માલપુર પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક યુવાન માલપુર ગામમાં કિરાણા સ્ટોર ધરાવતા હોવાથી વેપારી આલમ અને માલપુર પંથકમાં શોકની લાગણી ફેલાયી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર માલપુર ગામમાં ભવનાથ મંદિર નજીક કિરાણાની દુકાન ધરાવતા વેપારીનું બાઈક અને જીપ વચ્ચે અકસ્માતમાં મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. બુધવારે બપોરના સુમારે માલપુરના પ્રજ્ઞેશભાઈ પ્રવિણચંદ્ર પંડ્યા કામકાજ અર્થે ધનસુરા પંથકમાં



બાઈક લઈ ગયા બાદ કામકાજ નિપટાવી બાઈક લઈ પરત માલપુર ફરતા સોમપુર ચોકડી નજીક માલપુર તરફ વળાંકમાં મોડાસા તરફથી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી પસાર થતી બિયારણ અને ખેતીને લગતી સામગ્રી ભરેલ ટાટા સ્પેશીયો જીપના ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક પ્રજ્ઞેશભાઈ પંડ્યા રોડ બાજુ પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી હતી પરંતુ બાઈક ચાલકનું મોત નિપજતા પરત ફરી હતી. અકસ્માત સર્જી જીપ ચાલક જીપ ઘટનસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ મૃતકના પરિવારજનો અને માલપુરમાં થતા મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મૃતકના પરિવારજનોએ આક્રંદ કરી મૂકતાં વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસ મૃતકની લાશને પીએમ માટે ખસેડી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામને પુર્વરત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં પ્રવેશોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૧૮
શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત એમ.કે. શાહ (લાટીવાળા) ડૉ. ડી.એલ. એડ. કોલેજ, મોડાસામાં અનોખી રીતે પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ હતી.

મોઘેરા મહેમાનોમાં મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, કોલેજના પ્રભારીમંત્રી સુભાષભાઈ એમ. શાહ, પુજ્ય ધનગીરી મહારાજ, મંડળના ટ્રસ્ટી પંકજભાઈ બુટાલા, ભરતભાઈ કડીયાની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીને તિલકવિધિ દ્વારા થઈ હતી. એલ.સી.ડી. દ્વારા પ્રવૃત્તિ અહેવાલ પ્રા. રાજેશ પરમાર દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. પ્રાર્થના, ચિંતન, ભજન, બાળવાર્તા, બાળગીત, પુસ્તક સમીક્ષા, ઘડિયાગાન જેવી કૃતિ એસ.વાય.ના પ્રશિક્ષણાર્થી દ્વારા રજુ કરવામાં આવી હતી.

શાબ્દિક સ્વાગત અને પરિચય આચાર્ય ડૉ. સંતોષ દેવકરે કર્યુ. દિપ પ્રાગટ્ય વિધિ દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલથી સ્વાગત કરવામાં આવ્યુ. એફ.વાય. ડી.એલ. એડ.માં કોલેજમાં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ આવનાર પાંચ પ્રશિક્ષણાર્થીઓને મહેમાનો દ્વારા ઈનામથી નવાજવામાં આવ્યા હતા. એસ.વાય.ના પ્રશિક્ષણાર્થી દ્વારા 'વેલ-કમ'ની કૃતિ રજુ કરવામાં આવી. જેના જવાબમાં એફ.વાય.ના પ્રશિક્ષણાર્થીઓ 'થેન્ક યુ'ની કૃતિ રજુ કરી વાતાવરણને આહલાદક બનાવી દીધું હતું.

મહેમાનોએ આશીર્વચન પાઠવ્યા. તેમાં પુજ્ય ધનગીરી મહારાજે શિક્ષકનો ધર્મ અને કર્મ વિશે વિસ્તૃત ચર્ચા કરી વિદ્યાર્થીઓને દેશના સાચા શિક્ષક બની ઘડતર કરવાની શીખ આપી હતી. જીવન જીવવાની કળા વિશે, દેશ ભક્તિ ગીત અને મનનીય વક્તવ્ય આપી હોલના તમામને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. વ્રજેશ પંડ્યા, નમ્રતા પટેલ (એસ.વાય.)એ કર્યુ હતુ. આભાર દર્શન તુલસીની સથવારાએ કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર લાટીવાળા કોલેજની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. પ્રા. ગીતાબેન નિનામા તથા મુકુન્દભાઈ શાહે જહેમત ઉઠાવી હતી.

# મોડાસામાં રાષ્ટ્રીયકૃત બેંકોના સામાન્ય બચત ખાતા ખોલવામાં પણ અખાડા

મોડાસા, તા. ૧૮
અરવલ્લી જીલ્લામાં નોટબંધી પછી રાષ્ટ્રીયકૃત બેંકોનો વહીવટ ખાડે ગયો હોય અને બેંકના અધિકારીઓ અને કર્મચારીઓ મનસ્વીપણે વર્તન અને નિર્ણય કરતા હોવાથી જિલ્લાવાસીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત અન્ય તાલુકાની અને ગ્રામ્ય વિસ્તારની મોટાભાગની બેંકો પ્રજાજનોના બચત ખાતા ખોલવામાં માટે ખો આપી રહ્યા હોવાની સાથે અખાડા કરતા મોડાસાના જાગૃત નાગરિકે દેના બેંક વિરુદ્ધ લોકપાલ કાર્યાલયમાં લેખિત રજુઆત કરતા લોકપાલ કાર્યાલય તરફથી દેના બેંક ગાંધીનગર હેડ ઓફિસને તાકીદ કરી અરજદારનું બચત ખાતું મોડાસા દેના બેંકમાં ખોલી આપી લોકપાલ કાર્યાલયને




ઈ-મેલથી જાણ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

મોડાસા નગરપાલિકામાં સમાવિષ્ટ શહેરીજનોને રાષ્ટ્રીયકૃત બેંકો બચત ખાતું ખોલી આપવાના બદલે જેતે એરિયાના વોર્ડની રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ ખોલવાનું જણાવી બેંકો નગરજનોને ખો આપતા દેના બેંકમાં બચત ખાતું ખોલાવવા માંગતા એક જાગૃત અરજદારે લોકપાલ કાર્યાલયમાં લેખિત રજુઆત કરતા લોકપાલ કાર્યાલય તરફથી દેના બેંક ગાંધીનગર હેડ ઓફિસને તાકીદ કરી અરજદારનું બચત ખાતું મોડાસા દેના બેંકમાં ખોલી આપી લોકપાલ કાર્યાલયને ઈ-મેલથી જાણ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. અરજદાર અને શહેરીજનોમાં આનંદ છવાયો હતો. રાષ્ટ્રીયકૃત બેંકોની આડોડાઈના પગલે સરકારી લાભથી વંચિત રહેવું પડતું હોવાથી લોકોમાં બેંકોની કાર્યપદ્ધતિ સામે ઉગ્ર રોષ ફેલાયો છે.

## મોડાસામાં વિવિધ ક્રેડિટ કો.ઓપ. સોસાયટીઓના મેનેજરોનો સતત ત્રીજા દિવસે તાલીમ વર્ગ યોજાયો

મોડાસા, તા.૧૮
અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે મોડાસામાં વિવિધ ક્રેડિટ કો.ઓપ. સોસાયટીઓના મેનેજરોને સતત ત્રીજા દિવસે જોગવાઈઓ, નિયમો વિષય ઉપર ઉંડાણપૂર્વક સલાહ અને તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ રહેલ



તાલીમ અપાઈ હતી. ગત સોમવારથી શરૂ થયેલ આ ૬ દિવસીય વર્ગોનું સમાપન ૨૧મીને શનિવારે થશે.

આજે રાજ્ય સહકારી સંઘના ટ્રેનર અને રાજ્યના નિવૃત્ત સંયુક્ત રજિસ્ટ્રાર જે.જે. શાહે પેટા કાયદાની અગત્યની આ વર્ગના ત્રીજા દિવસે ઉપસ્થિત પૂર્વ જિલ્લા રજીસ્ટ્રાર જે.જે. શાહ તેમજ ઉપસ્થિત સૌનું અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે સ્વાગત કર્યું હતું. જિલ્લા સંઘના એઝીક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશી તાલીમ વર્ગનું સંચાલન કરી રહ્યા છે. આગામી શનિવારે વર્ગોનું સમાપન થશે.

# ધનસુરાની વિધવા મહિલા પેન્શન માટે ધરમ ધક્કા ખાય છે

શીકા, તા. ૧૮
સરકારે વિધવા સહાય યોજના હેઠળ વિધવા બહેનોને દર મહિને પેન્શન રૂપે સહાય આપે છે. ત્યારે ધનસુરાની વિધવા મહિલા છેલ્લા કેટલાય વર્ષથી સહાય માટે ધરમધક્કા ખાય છે. મામલતદારનો દાખલો પણ રજુ કરેલ છે.

ધનસુરાની વિધવા મહિલા સ્મીતાબેન સુરેશભાઈ નટવરલાલ મહેતાએ ગયા જુન માસમાં વિધવા સહાય માટે જરૂરી તમામ ડોક્યુમેન્ટ પોષ્ટ ઓફિસમાં આપેલ છે. મંજુર થયે એક વર્ષ થયુ પણ ધનસુરા પોષ્ટ ઓફિસમાં તપાસ કરવામાં આવે છે ત્યારે જવાબ મળે છે હજુ પાસ થઈ આવેલ નથી.

જરૂરી સંપૂર્ણ ડોક્યુમેન્ટ આપે એક વર્ષ થયુ ત્યારે મંજુર યેલ આ વિધવા મહિલા આજે વિધવા સહાયથી વંચિત છે. પોષ્ટ ઓફિસની જવાબદારી છે કે આ વિધવા બહેનની વિધવા સહાય દર માસે જમા કેમ થતી નથી તેની તપાસ કરવી જોઈએ. આજે તો આ વિધવા બહેન રોજ પોષ્ટમાં ધરમધક્કા ખાઈ નિરાશ થઈ પેન્શનની રાહ જોઈ રહ્યા છે. આ અંગે તટસ્થ તપાસ થાય કે આ વિધવા બહેનની મંજુર થયેલ વિધવા સહાયની રકમ એક વર્ષથી કેમ મળતી નથી તંત્રની બેદરકારીના કારણે આવી તો કેટલીય વિધવા બહેનો સહાયથી વંચિત રહેતી હશે.

## ધનસુરા ગર્લ્સ સ્કૂલમાં વાલી સંમેલન યોજાયુ

ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલમાં કેળવણી મંડળના મંત્રી ગોવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વાલી સંમેલન યોજાયુ હતુ. વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીનીઓના વાલી ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક હોલમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને સંબોધતા શાળાના વિજ્ઞાન શિક્ષકે ઓળી, અછબડા, પોલિયો અને રૂબેલા અંગે સુંદર માર્ગદર્શન આપ્યુ હતુ. પ્રિન્સિપાલે સૌ વાલીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. બાળકોને અભ્યાસમાં સહભાગી થવા વાલીઓને સલાહ આપવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય કેન્દ્રના ડૉ. જોષી અને ડૉ. ચૌહાણે રૂબેલાની રસી સર્વે વિદ્યાર્થીનીઓને લેવા જણાવેલ. ૧૭મીથી આ કાર્યક્રમ રાખેલ છે. શાળામાં રસી આપવામાં આવશે.